# સે-૨૧ અને ૩૦ માં દાયકાઓ જુની ગટર લાઈન અપગ્રેડ કરવામાં આવશે

## અંદાજિત ૯૦ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૨

શહેરમાં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. હાલ સે-૨૪,૨૫ અને સે-૨૭ માં આ કામગીરી ચાલી રહી છે. જયારે હવે સે-૨૧ અને સે-૩૦ માં દાયકાઓ જુની લાઈન બદલવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જે અન્વયે સેકટરોમાં ૧૫૦ એમ એમ ની લાઈન બદલીને ૪૫૦ એમ એમ સુધીની લાઈન નાંખવામાં આવશે. નવી લાઈનની કામગીરીના અંતે ગટરલાઈનની ફરિયાદો પણ ડામી શકાશે.

ગાંધીનગરમા દાયકાઓ જુની ગટર લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે સેકટરોમાં વર્ષો જુની ગટરલાઈનના લીધે વારંવાર ગટરો ઉભરાવાની ફરિયાદો આમ નાગરિકો માટે મુસીબતનુ કારણ બની રહી છે. આવા સંજોગોમાં ગટર લાઈનને યોગ્ય કરવા માટે અગાઉ તંત્ર દ્વારા સે-૨૪,૨૫ અને સે-૨૭ માં આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગટર લાઈનને અપગ્રેડ કરવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે હવે સે-૨૧ અને સે-૩૦ માં પણ ગટર લાઈનનુ કામ હાથ ધરાશે. જેમાં ૧૫૦ એમ એમ ની લાઈનને બદલીને ૪૫૦ એમ એમની નાંખવામાં આવશે. શહેરના સેકટરોની વધતી વસતી અને વિકાસની સાથે પાણી ગટર લાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. જયારે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાના ભાગરૂપે અગાઉ કામ હાથ ધરાયુ હતુ. જયારે હવે ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે પણ આયોજન હાથ ધરાયુ છે. બીજીતરફ ગટર લાઈનની ક્ષમતા વધરાવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અન્વયે સે-૨૧ અને સ-૩૦ માં ગટર લાઈનનુ કામ હાથ ધરવા માટે પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી દેવાયો છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯૦ લાખનો ખર્ચ થાય તેમ છે. જયારે આગામી દિવસોમાં વિભાગ કક્ષાએથી આખરી મંજુરી આપી દેવાયા બાદ વહીવટી પ્રક્રીયાના અંતે કામગીરી હાથ ધરવામાં આવશે.




ઉત્તરાયણનું કાઉન્ટ - ડાઉન : હવે એક મહિનામાં યુવાનોનું લોકપ્રિય પર્વ ઉત્તરાયણ આવી રહ્યું છે ત્યારે અત્યારથી જ પતંગ - દોરીનો ધમધમાટ આરંભાયો છે... વિવિધ પ્રકારના પતંગો બજારમાં ઠલવાઈ રહ્યા છે... ત્યારે બીજી તરફ પતંગ ઉડાડવાની મહત્વની ભૂમિકા અદા કરતી દોરી તૈયાર કરવાની કામગીરી પણ પૂરા ઉત્સાહથી આરંભાતા ઉત્તરાયણનું કાઉન્ટ - ડાઉન અનુભવાય છે...

# જિલ્લામાંથી ૨૬૨૦૯ ઉમેદવારો ડીવાયએસઓની પરીક્ષા આપશે

## પરીક્ષાને અનુલક્ષી જિલ્લાના ૧૦૬ કેન્દ્રો પર તૈયારી : સ્થળ સંચાલકોની બેઠક પણ મળી

ગાંધીનગર તા ૧૨

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી રવિવારે આયોજિત ડી વાય એસ ઓ ની પરીક્ષાને અનુલક્ષી તંત્ર દ્વારા તૈયારીઓ કરી દેવાઈ છે. ગાંધીનગર જિલ્લામાં આ પરીક્ષાને અનુલક્ષી ૧૦૬ જેટલા કેન્દ્રો પર કામગીરી હાથ ધરાશે.જયારે જિલ્લામાંથી ૨૬૨૦૯ ઉમેદવારો આ પરીક્ષા આપશે.

ગાંધીનગરમાં હાલ સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માટે બેરોજગાર યુવાનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળે છે. સરકારી નોકરી મેળવવા માટે ખાનગી વર્ગોમાં તગડી ફી ચુકવીને પણ રાત દિવસ મહેનત કરીને શિક્ષિત યુવક યુવતિઓ પરીક્ષાની તૈયારીમા લાગી ગયા છે. જયારે સેકટરોમાં ધમધમતા ખાનગી વર્ગોમાં અભ્યાસ કરવા માટે બહારગામથી આવતા ઉમેદવારોની સંખ્યા પણ વિશેષ છે. નગરના સેકટરોમાં રૂમ ભાડે રાખીને આ ઉમેદવારો સરકારી અફસર બનવા માટે રાત દિવસ મહેનત કરતા નજરે પડે છે.ત્યારે દર રવિવારે એક બાદ એક સરકારી ભરતીને અનુલક્ષીને પરીક્ષાનુ આયોજન કરવામાં આવતા શહેરમાં આડા દિવસોમાં પણ એકઝામ ફીવર છવાયેલો જોવા મળી રહ્યો છે. આગામી રવિવારે ડી વાય એસ ઓ ની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ પરીક્ષાને અનુલક્ષી સ્થળ સંચાલકોની બેઠક પણ જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ છે. જિલ્લામાંથી ૧૦૬ કેન્દ્રો પર આ પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જયારે જિલ્લામાંથી ૨૬૨૦૯ જેટલા ઉમેદવારો આ પરીક્ષા આપશે. પરીક્ષાર્થીઓની સંખ્યા પણ વિશેષ હોવાથી પરીક્ષા કેન્દ્રોની સંખ્યા પણ વધુ છે. પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે તે માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે.

# શહેરમાં ફુટપાથના ગાબડા પુરવા તંત્રની ટીમ કામે લાગી

## વાઇબ્રન્ટને અનુલક્ષી ફુટપાથની જુની તુટેલી ટાઇલ્સ બદલાશે : કર્બિંગને કલર પણ કરાશે

ગાંધીનગર તા ૧૨

શહેરમાં માર્ગ સુધારણાની સાથે આસપાસના વોક વે નુ પણ રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના માર્ગોને ચકાચક બનાવાની સાથે ફુટપાથ પર જુની તુટેલી ટાઈલ્સો પણ બદલવામાં આવી રહી છે. આ ઉપરાંત વોક વે ના કર્બીંગને પણ કલર કરવામાં આવી રહ્યો છે. નગરના મુખ્ય ઘ માર્ગ પર ફુટપાથની જાળવણીનુ કામ હાથ ધરાયુ છે.

શહેરમાં માર્ગ સુધારણાનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને નગરને દુલ્હનની જેમ શણગારવા માટે તંત્રએ તડામાર તૈયારીઓ હાથ ધરી છે. શહેરના માર્ગોના રીસરફેસીંગ ઉપરાંત માર્ગો પર રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે.જેમાં થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ પણ ફીટ કરવામાં આવશે. જેનાથી રાત્રિના સમયે માર્ગોનુ સુંદરતા નિખરશે. માર્ગોને ચકાચક બનાવવા ઉપરાંત આસપાસ ફુટપાથની આભા નિખારવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં ફુટપાથના તુટી ગયેલા બ્લોક નવા નાંખવા સહીત વોક વે ના ગાબડા પુરવા માટે પણ રીપેરીંગ હાથ ધરવામાં આવ્યુ છે. હાલ સિવિલ હોસ્પિટલ સામે મુખ્ય ઘ માર્ગ પર ફુટપાથનુ કામ હાથ ધરાયુ છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી નુ ફુટપાથનુ નેટવર્ક છે. જયારે આ વોક વે ને અનુલક્ષી તમામ ઠેકાણે રીપેરીંગ કરવામાં આવશે. જે ઠેકાણે ફુટપાથ નીચાણમાં ધકેલાઈ ગઈ હોય તેવા સ્થળે પણ વોક વે ને સમથળ કરાશે. જયારે ફુટપાથની સાઈડમાં કલરકામ પણ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં માર્ગ સુધારણા તેમજ સર્કલ સફાઈ સહીત કલરકામ હાથ ધરવામાં આવ્યુ છે. ફુટપાથના રીપેરીંગ ઉપરાંત સેન્ટ્રલ વર્જને પણ કલર કરવામાં આવશે. જયારે ફુટપાથને પણ રંગરોગાન કરાશે.

શહેરમાં ફુટપાથની જાળવણીના નામે મીંડુ છે. જેના લીધે વોક વે પર ઠેર ઠેર ગાબાડ પડયા છે. તુટલા વૃક્ષોના થડીયા પણ વોક વે પર અવરોધરૂપ બન્યા છે. આવા સંજોગોમાં કપાયેલા વૃક્ષોના થડ પણ દુર કરવામાં આવે તેવી આમ નાગરિકોની માંગણી છે. જેથી વોકીંગ કરનારાઓ ફુટપાથ પર અકસ્માતનો ભોગ બનતા અટકી શકે.

# પેપર લીક મામલે વધુ એક આરોપી સુરેશ પટેલની ધરપકડ

## પેપર લીક કાંડનું સમગ્ર ષડયંત્ર જયાં ઘડાયું તે આશ્રમરોડ ખાતેની હોટલ વાઇસ પ્રેસીડેન્ટમાં પોલીસે કરેલી ચકાસણી

અમદાવાદ, તા.૧૨

ગુજરાત સહિત દેશભરમાં ભારે ખળભળાટ મચાવનારા ગુજરાતના લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં પોલીસે સુરેશ ડાહ્યાલાલ પંડયાની આજે ધરપકડ કરી હતી. આંતરરાજય ગેંગ સાથે પેપર લીક કૌભાંડમાં સંડોવાયેલો આરોપી સુરેશ પંડયા મૂળ બાયડના ચોઈલા ગામનો વતની અને હાલ નરોડાનો રહેવાસી છે. અગાઉ પણ ગેરકાયદે નેશનલ સ્પોર્ટ્સનું સર્ટિફિકેટ બનાવવાના પ્રકરણમાં તેની સંડોવણી બહાર આવી ચૂકી છે. દરમ્યાન ગાંધીનગર પોલીસની ટીમે આજે પેપર લીક કૌભાંડનું સમગ્ર ષડયંત્ર જયાં ઘડાયું તે અમદાવાદ શહેરના આશ્રમરોડ ખાતેની હોટલ વાઈસ પ્રેસીડેન્ટની મુલાકાત લઈ ત્યાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. પોલીસે આંતરરાજય ગેંગના પકડાયેલા સભ્યો વિનીત માથુર, અશોક સાહુને લઈ આજે વાઈસ પ્રેસીડેન્ટ હોટલમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

# રાજયમાં ઠંડી વધવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ, તા.૧૨

દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં આજે પણ માવઠું પડતા ઠંડીનું મોજુ રહ્યું હતું. નવસારીમાં માવઠાના અહેવાલ મળ્યા છે. હાલમાં કેટલાક ભાગોમાં કમોસમી વરસાદના લીધે એકાએક તાપમાનમાં ઘટાડો થયો છે. જો કે, આજે ગઈકાલની સરખામણીમાં મોટાભાગના વિસ્તારોમાં પારો ઉપર ગયો હતો. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૭.૬ રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૪.૬ રહ્યું હતું. જો કે, સૌથી વધારે ઠંડીનો અનુભવ વલસાડમાં થયો હતો જ્યાં પારો ૧૨.૬ ડિગ્રી રહ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અફઘાનિસ્તાનના પૂર્વ પ્રાંતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું હતું. પશ્ચિમી પવનોની સાથે સાથે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન પણ જીવંત થયુ છે, જેની અસર અરબી સમુદ્ર પરથી વાતા પવનને થઈ છે. આવી પરિસ્થિતિના કારણે આગામી બે દિવસ સુધી રાજ્યના દરિયાઈ પટ્ટીમાં કમોસમી વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વિચિત્ર વાતાવરણના કારણે સ્થાયી ઋતુ પર અસર પડતા જામી રહેલ શિયાળાની ઠંડી ઓછી થવા પામી છે, જો કે આ હવામાન વિખેરાઈ ગયા બાદ ઠંડી વધશે એવી આગાહી પણ હવામાન વિભાગે કરી હતી.

# ગુજરાતની પ્રગતિના મૂળમાં સંતોનો પરિશ્રમ છે : રૂપાણી

## વડતાલ ધામ જેવા યાત્રાધામોને વિકસાવાશે : ગુજરાતનો એક પણ ગરીબ મકાન વિહોણો ન રહે, દરેકને ઓટલો, રોટલો અને આરોગ્ય સેવા મળે તે હેતુ : રૂપાણી




અમદાવાદ,તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે ગુજરાતની પ્રગતિ અને વિકાસના મૂળમાં સંતોનો પરિશ્રમ છે. વડતાલધામ સહિતના રાજયના પવિત્ર યાત્રાધામોને વિકસાવીને રાજય સરકાર આધ્યાત્મિક ચેતનાને પ્રબળ બનાવશે. તેમણે જણાવ્યું કે રાજયની પ્રજાએ જે પાકટતા દાખવીને વધુ પાંચ વર્ષ માટે અમને રાજયના શાસનની જવાબદારી સોંપી છે તેનું પૂરેપૂરૂં વળતર અમે આપીશું. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના માલપુર ગામે સ્વામિનારાયણ ભગવાનના સમૈયામાં જોડાઈને ભકિતરસ સરિતાના આચમનનો લ્હાવો લીધો હતો. તેમણે ભાવપૂર્વક ભગવાન સ્વામિનારાયણની વંદના કરી હતી તથા આદરપૂર્વક સંતપૂજન કરવાની સાથે ભાવિક ભકતોનું અભિવાદન કર્યું હતું. વડતાલ તાબાની લક્ષ્મીનારાયણ દેવ સંસ્થા સંચાલિત માલપુર સ્વામિનારાયણ મંદિર આયોજિત શ્રીમદ્ સત્યસંગી જીવનપારાયણના ભાગરૂપે આ સમૈયો યોજવામાં આવ્યો હતો. જેમાં દેવોની સાથે ભારતમાતાની પણ વંદના કરવામાં આવી હતી. ભાવિકોએ હજારો ધર્મધજાઓ લહેરાવીને મુખ્યમંત્રીને ઉમળકાપૂર્વક આવકાર્યા હતા. મુખ્યમંત્રીએ ધર્મસંસ્થા દ્વારા વ્યસનમુકત, શાકાહારી અને સંસ્કારી યુવાપેઢીના ઘડતર માટેની જહેમતને બિરદાવી આવી હતી.

તેમણે જણાવ્યું કે આ સેવાથી ભાવિપેઢીનું ભવિષ્ય ઉજળું બનશે. કુસંસ્કારો અને વ્યસનો માણસને અને સમાજને ખોખલો બનાવે છે અને પતનના માર્ગે લઈ જાય છે. એવી લાગણી વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે ભગવાન સ્વામિનારાયણ જીવન પરિવર્તન દ્વારા વ્યસનમુકત ધર્મમય સદાચારી સમાજ રચનાનો માર્ગ બતાવ્યો આવો સમાજ જ શકિતશાળી બને છે.

# ગાંધીનગરમાં પ્રથમવાર ઉડી પ્રિન્ટરનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સમાચાર પત્ર સાથે વાત કરતા ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન યુનિવર્સીટીના કુલપતિશ્રી પ્રો. શશીરંજન યાદવે જણાવ્યુ હતુ કે પ્રાચીન કાળમાં ભારતની ગુરુકુળ શિક્ષા પદ્ધતિમાં જે રીતે કૌશલ્ય, એક્સ્પોઝર, અનુભવ અને ઈન્ટર્નશીપનો તાલમેલ થતો હતો જેના લીધે વિદ્યાર્થીઓ જીવનમાં કુશળ અને સફળ થતા હતા, તેવી બહેતરીન શિક્ષા વ્યવસ્થાને લીધે શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ વ્યવસ્થા અને સમાજ વિશ્વમાં જાણીતો હતો.

કાર્યક્રમના સંયોજક ડૉ. મધુસુદન મકવાણાએ જણાવ્યું હતુ કે, આજે વિશ્વમાં વર્લ્ડ ઈકોનોમીક ફોરમ દ્વારા કૌશલ્યના નવા સેટ જેને ડીઝાઈન થીકીંગ પણ કહેવાય છે જેમાં ક્રિએટીવીટી, ક્રીટીકલ થીંકીંગ અને પ્રોબ્લેમ સોલ્વીંગ મુખ્ય ભાગ ભજવે છે. જયારે વિશ્વ તેની ચર્ચા કરી રહ્યુ છે ત્યારે પ્રાચીન ભારતીય સાહિત્યમાં, પૌરાણિક વાર્તાઓમાં ડીઝાઈન થીંકીગનો આ વિચાર મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ભારતીય પૌરાણિક વાર્તાઓની અમુક વાર્તાઓમાં ડીઝાઈન થીંકીગના પરફેકટ ઉદાહરણ છે.


આલ્બર્ટ આઈંસ્ટાઈનની થીયરી ઓફ રીલેટીવીટીમાં time dilation and length contraction જેમાં તમે જો પ્રકાશની ગતિથી ઉડો તો તમારી ઉંમર વધતી રોકાય છે અને લંબાઈ ઘટે છે. આ વિચાર આલ્બર્ટ આઈન્સ્ટાઈને ૧૯મી સદીમાં વિશ્વને સમજાવ્યું. પરંતુ હજારો વર્ષ જુના ભારતીય સાહિત્ય પુસ્તકોમાં આ વિચાર ને સમજાવતી વાર્તાઓ છે જ. ઉપરાંત નીચેની શોધો પ્રાચીન ભારત દ્વારા કરવામાં આવી હતી

૧. બટન : મોહંજોદરો માં સહુ પ્રથમ બટનનો ઉપયોગ ઈ.સા પુર્વ ૨૦૦૦ વર્ષમાં કરવામાં આવ્યો હતો.
૨. છઠ્ઠી સદીમાં ગુપ્ત વંશ દરમ્યાન ચતુરંગ નામની રમત માંથી ચેસની રમત શોધાઈ
૩. ઈ.સા. પુર્વે ૧૫૦૦ વર્ષ ભારતમાં ફુટપટ્ટી નો ઉપયોગ જોવા મળ્યો હતો. આ ફુટપટ્ટી indus velley civilisation માં જોવા મળી હતી જે હાથી દાંતની બનેલી હતી અને મીલી મીટર સુધીની સત્યતા માંપવાની ક્ષમતા વાળી હતી.
૪. વર્ષ ૧૭૬૨માં બંગાળમાં ચમ્પાના ફુલ માંથી શેમ્પુનો ઉદભવ થયો
૫. સાપ સીડીની પ્રસિદ્ધ રમત ભારતમાં શોધાઈ હતી જે નૈતિકતાની રમત તરીકે રમાતી હતી અને પછીથી વિશ્વમાં પ્રસિદ્ધ બની.
૬. પ્રાચીન કાળમાં લોકો પ્રાણીઓની ચામડીના કપડા પહેરતા હતા. ભારતીયોએ indus velley civilisation દરમ્યાન કપાસની ખેતી કરવામાં આવતી
૭. ફીબોનેસ્કી નંબર ભારતીયો દ્વારા શોધવામાં આવ્યા હતા.
૮. દશાંશ પધ્ધતિ, દ્વી ઘાતાકીય સુત્રો, તથા શૂન્ય પણ ભારતીયો દ્વારા શોધવામાં આવ્યા.
૯. આ ઉપરાંત એસ્ટ્રોનોમીના અનેક પુરાવા મળે છે કે જેમ કે અરુંધતી વશિષ્ઠના નામનો ઉલ્લેખ ભારતીય સાહિત્યમાં છે અને ચાઈના ના એસ્ટ્રોનોમરે શોધી કાઢ્યુ કે ખરેખર ૨ તારાઓ અસ્તિતવ ધરાવે છે.
૧૦. મહાભારતના સંજય ની લાઈવ કોમેંટ્રી ટેલીવીઝનની દિશા તરફ દોરી જાય છે ત્યાં રામાયણનુ પુષ્પક વિમાન ભારતીય વૈજ્ઞાનિકોની સુઝબુઝ, દુરંદેશી તરફ ઈશારો કરે છે .

કાર્યક્રમના અન્ય સંયોજક કુ. હિરલ મેહતાએ જણાવ્યું કે ભારતની પ્રાચીન શિક્ષા વ્યવસ્થા વિદ્યાર્થીને એક સારો નાગરિક, જીવનમાં ખુશહાલ, નોકરી માટે લાયક, ધરતી માટે વફાદાર, કુદરત માટે જાગૃક, ધર્મ ,સમાજ અને સંસ્કૃતિના મુલ્યોના જતન માટે તત્પર આ બધાજ ગુણધર્મો ભારતીય શિક્ષા વયવસ્થામાં હતા. વિદેશી આક્રમણોના લીધે આ શિક્ષા વ્યવસ્થાનુ પતન થયુ જેના લીધે શિક્ષા વ્યવસ્થામાંથી નીકળતા બેરોજગાર, શારીરિક અક્ષમ, દેશ-દાઝ વગરના યુવાનોના લીધે ભારતીય સમાંજ ક્ષતિગ્રસ્ત અને નબળો બન્યો.

ન્યાસના ગુજરાતના સંયોજક શ્રી જયેન્દ્રસિંહ જાદવ જણાવે છે કે આજે વિશ્વમાં ભારત એક માત્ર એવો દેશ છે જેની પાસે બાકીના દેશોની તુલનામાં કેટલાક એડવાન્ટેજ છે. જેમ કે ભારત દુનિયાનો સૌથી યુવાન દેશ છે. ભારતમાં ૫૦ કરોડ લોકો ૩૫ વર્ષથી નીચેની ઉંમરના છે ઉપરાંત ભારતના આ ૫૦ કરોડ લોકોમાંથી મોટાભાગના ટેક્નોલોજી ખાસ કરીને મોબાઈલ ટેક્નોલોજીના જાણકાર છે. રીઝર્વ બેંક ઓફ ઈંડીયાના એક ડેટા મુજબ વર્ષ ૨૦૩૦ માં દુનિયાનો દર ત્રીજો વર્કર ભારતીય હશે. ધીમે ધીમે વૃદ્ધ થતા વિશ્વના અન્ય દેશોની તુલનામાં યુવા ભારતીયો ભારત ઉપરાંત સમગ્ર વિશ્વમાં નોકરી કરવા માટે નીકળશે. તેમના થકી ભારતના સંબંધો અન્ય દેશો સાથે સુધરશે અને ભારતનુ પ્રભુત્વ વધશે. વિદેશોમાં નોકરી કરતા આ ભારતીયો મારફત ભારતીય સંસ્કૃતિ,

● અનુસંધાન પાન-૭ પર

## શ્રદ્ધાંજલિ સભા

ગાંધીનગર, અવધૂત પરિવારના મોભી **સ્વ. શ્રી નવનીતભાઈ વી. પાઠક,** તા. ૪/૧૨/૨૦૧૮ના દિવસે શ્રીરંગશરણ થયા છે. **સ્વર્ગસ્થની શ્રદ્ધાંજલી સભા, શ્રી દત્તમંદિર, સેક્ટર-૮, ગાંધીનગરમાં તા. ૧૩/૧૨/૨૦૧૮, ગુરૂવારે સાંજે ૪ થી ૬** કલાક દરમિયાન યોજેલ છે.

**અવધૂત પરિવાર, ગાંધીનગર**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com